# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 22-08-2024 Midday : 1.20 to 1.30

Day : Thursday National News

## આકાશવાણી સમાચાર **ચૈતાલી જોષી** વાંચે છે.

**************************************************

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પૉલેન્ડના પ્રધાનમંત્રી ડોનાલ્ડ ટસ્ક સાથે પ્રતિનિધિ મંડળ સ્તરની બેઠક કરશે
- ✓ કોલકાતા દુષ્કર્મ અને હત્યા કેસ મામલે સીબીઆઈએ સર્વોચ્ચ અદાલતમાં અહેવાલ સુપ્રત કર્યો
- ✓ મહારાષ્ટ્રના બદલાપુરમાં બે સગીર બાળકીઓ સાથે યૌન શોષણ મામલે મુંબઈની વડી અદાલતમાં આજે સુનાવણી
- ✓ આંધ્ર પ્રદેશમાં ફાર્મા કંપનીમાં થયેલા વિસ્ફોટમાં મૃતકોનીસંખ્યા વધીને 17 થઈ, પ્રધાનમંત્રીએ મૃતકોના પરિવારજનોને બે લાખની સહાય જાહેર કરી
- ✓ પૂર્વીય ભારતના કેટલાક ભાગોમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી
- ✓ કેન્દ્રીયમંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ અહાના જ્યોર્જ, અનન્યા ભાવસાર અને ગુંજન મંત્રીને ફીબા અંડર -18 બાસ્કેટબૉલ વિશ્વકપ-2024માં પસંદ થવા બદલ શુભેચ્છા પાઠવી છે.

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

PMMODI POLAND

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પૉલેન્ડના સત્તાવાર પ્રવાસે છે. તેઓ આજે વૉરસામાં પૉલેન્ડના પ્રધાનમંત્રી ડોનાલ્ડ ટસ્ક સાથે પ્રતિનિધિમંડળ સ્તરની બેઠક કરશે. બંને દેશના નેતાઓએ દ્વીપક્ષીય સંબંધોની સમીક્ષા કરશે અને મહત્વના મુદ્દાઓ પર ચર્ચા કરશે. શ્રી મોદી પૉલેન્ડના રાષ્ટ્રપતિ આંદ્રેજ ડૂડા સાથે પણ મુલાકાત કરવાના છે.

બીજા તબક્કામાં તેઓ યુક્રેન પહોંચશે. યુક્રેનના રાજધાની કીવમાં તેઓ રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કી સાથે મુલાકાત કરશે. ભારતીય પ્રધાનમંત્રીનો પ્રથમ યુક્રેન પ્રવાસ છે. દરમિયાન બંને દેશોના નેતાઓ વચ્ચે રાજકીય, વેપારી, આર્થિક, રોકાણ, શિક્ષણ, સાંસ્કૃતિક તેમજ પારસ્પરિક સંબંધો સહિતના વિવિધ મુદ્દાઓ અંગે ચર્ચા કરાશે.

# SC ON KOLKATA CASE

કોલકાતા દુષ્કર્મ અને હત્યાના કેસ મામલે સીબીઆઈએ સર્વોચ્ચ અદાલતમાં અહેવાલ સુપ્રત કર્યો છે. મુખ્ય ન્યાયમૂર્તિ ડી. વાય. ચંદ્રચૂડ સિંહ, ન્યાયાધીશ જે બી પારડીવાલા અને ન્યાયાધીશ મનોજ મિશ્રાની ખંડપીઠ આ મામલે સુનાવણી કરી રહી છે. સર્વોચ્ચ અદાલતે આ કેસમાં પશ્ચિમ બંગાળ પોલીસની કામગીરી પર સવાલ ઉઠાવ્યા. અદાલતે જણાવ્યું આ કેસમાં પોલીસે પીડિતના અંતિમ સંસ્કાર બાદ ફરિયાદ દાખલ કરવા વિશે પણ સવાલ પૂછ્યાં. વધુમાં અદાલતે કહ્યું કે આ કેસમાં પોલીસે જે રીતે કાર્યવાહી કરી છે, એ આ પહેલા ક્યારેય જોવા નથી મળી.

વધુમાં સર્વોચ્ચ અદાલતે નિયુક્ત કરેલી કાર્ય સમિતિ તબીબોની હડતાળ મામલે નિષ્ણાતોના અભિપ્રાયને આધારે ઉકેલ શોધશે તેમ પણ જણાવ્યું હતું.

# BADLAPUR HIGH COURT

મહારાષ્ટ્રના બદલાપુરમાં બે સગીર બાળકીઓ સાથેના યૌન શોષણ મામલે મુબંઈની વડી અદાલતે નોંધ લઈ સુનાવણી કરવાનું નક્કી કર્યું છે. ન્યાયાધીશ

શરેવતી મોહિતે ડેરે અને ન્યાયાધીશ પૃથ્વીરાજ ચૌહાણની ખંડપીઠ આ અંગે સુનાવણી કરશે.

ઉલ્લેખનીય છે કે બદલાપુરમાં એક ખાનગી શાળાના સફાઈકર્મીઓ પર બે બાળકીઓનું યૌનશોષણનો આરોપ છે. ગત સપ્તાહે આ ઘટના ઉજાગર થયા બાદ મુંબઈ અને આસપાસના વિસ્તારોમાં માટે પાયો વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે.

# ANDHRA BLAST UPDATE

આંધ્ર પ્રદેશના અનકાપલ્લી જિલ્લાના એક ફાર્મા કંપનીમાં થયેલા વિસ્ફોટમાં મૃતકોની સંખ્યા વધીને 17 થઈ છે. મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુએ વિસ્ફોટની તપાસ માટેના આદેશ આપ્યા છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિસ્ફોટમાં મૃત્યુ પામેલા લોકો માટે શોક વ્યક્ત કર્યો. સોશિયલ મીડિયા પોસ્ટમાં પ્રધાનમંત્રી કાર્યાલયે દુર્ઘટનામાં મૃત્યુ પામેલા પીડિતોના પરિવારજનોને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય સહાય નિધિમાંથી બે લાખ રૂપિયા અને ઈજાગ્રસ્તોને પચાસ હજાર રૂપિયાની સહાયની જાહેરાત કરી છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ પણ મૃતકોના પરિવાજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે.

# JHARKHAND 7 TERRORIST ARREST

ઝારખંડ પોલીસના આંતકવાદ નિરોધી દળ– ATSએ સાત આતંકવાદીની ધરપકડ કરી છે. ATSએ આતંકવાદીઓ પાસેથી એકે—47 સહિત અનેક હથિયાર કબજે કર્યા હોવાના અહેવાલ છે.

ATSએ હજારીબાગ, લોહરદગા સહિત અન્ય જિલ્લામાં એક ડઝનથી પણ વધુ સ્થળ પર દરોડા પાડ્યા હતા. દરમિયાન ATSએ આતંકી સંગઠન અલકાયદા ઇન્ડિયન સબ કૉન્ટિનન્ટ – AQIS સાથે સંકળાયેલા સાત લોકોની ધરપકડ કરી હતી.

# ODISHA ACCIDENT

ઓડિશાના બેરહામપુરમાં થયેલા એક અકસ્માતમાં ચારના મોત થયા છે, જ્યારે વીસથી વધુને ગંભીર ઈજા થવા પામી છે. આ બસ ભવાની પટનાથી બેરહામપુર જઈ રહી હતી. ઈજાગ્રસ્તોને બેરહામપુરની સરકારી હૉસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા છે. બસ અને ટેન્કર વચ્ચે ટક્કર થતા આ આકસ્માત સર્જાયો હતો. અથડામણ બાદ ટેન્કર રોડ બાજુએ આવેલી એક ચાની દુકાનમાં ઘૂસી જતા ત્રણ લોકોના થયા. અકસ્માતમાં એક પ્રવાસીઓનું પણ મોત થયું છે.

## TRIPURA-FLOOD UPDATE

ત્રિપુરામાં અવિરત વરસાદને કારણે રાજ્યના ઘણા ભાગોમાં પૂરની સ્થિતિમાં કોઈ સુધારો થયો નથી. રહેણાંક વિસ્તારોમાં પૂરના પાણી ઘૂસી જતાં લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ગોમતી અને મુહુરી જેવી મોટી નદીઓ ખતરાના નિશાનથી ઉપર વહેતા અનેક હેક્ટર ખેતરોના પાકને નુકસાન થયું છે.

હવામાન વિભાગે આજે મુશળધાર વરસાદની ચેતવણી આપતા રાજ્ય પ્રશાસન આનો સામનો કરવા અને લોકોને રાહત આપવા માટે સંપૂર્ણ રીતે સજ્જ છે. મુખ્ય મંત્રી ડૉ. માણિક સાહાએ અગરતલામાં પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી અને જરૂરિયાતમંદોને સંપૂર્ણ સહાયની ખાતરી આપી હતી.

## **MID BREAK- NEWS- NATIONAL**

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

## **PRESIDENT-VIGYAN PURASKAR**

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે રાષ્ટ્રપતિ ભવન ખાતે રાષ્ટ્રીય વિજ્ઞાન પુરસ્કાર 2024 એનાયત કર્યા. આ સમારોહમાં પ્રોફેસર ગોવિંદરાજન પદ્મનાભનને ‘વિજ્ઞાન રત્ન 2024’ પુરસ્કારથી સમ્માનિત કરાયા.

ડૉ. આનંદરામક્રિષ્નનને કૃષિ વિજ્ઞાનમાં પ્રદાન બદલ ‘વિજ્ઞાન શ્રી’ પુરસ્કારથી સમ્માનિય કરાયા. ઉપરાંત ભાભા એટોમિક રિસર્ચ સેન્ટર (BARC), મુંબઈના ડૉ. અવેશ કુમાર ત્યાગીને અણુ ઊર્જા ક્ષેત્રે ‘વિજ્ઞાન શ્રી’ તેમજ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ એજ્યુકેશન એન્ડ રિસર્ચ (IISER), પુણેના પ્રો. જયંત ભાલચંદ્ર ઉદગાંવકરને જૈવિક વિજ્ઞાનમાં ‘વિજ્ઞાન શ્રી’ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

## VP – GUJARAT

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આવતીકાલે અમદાવાદ અને ગાંધીનગરની મુલાકાતે આવશે. તેઓ ગાંધીનગરમાં નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ખાતે વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી મેમ્બર્સને સંબોધશે. ઉપરાષ્ટ્રપતિ અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી ખાતે ધર્મ ધમ્મ આંતરરાષ્ટ્રીય પરિષદ ખાતે મુખ્ય અતિથી તરીકે ઉપસ્થિત રહેશે..

## IMD WEATHER

હવામાન વિભાગે પૂર્વીય ભારતના કેટલાક ભાગોમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. જે અનુસાર આસામ, મેઘાલય અને ત્રિપુરામાં આગામી બે દિવસમાં અતિ ભારે વરસાદ વરસી શકે છે. આ ઉપરાંત કેરળ તેમજ લક્ષદીપમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા છે.

દેશના અન્ય ભાગોની વાત કરીએ તો ઉત્તરાખંડ, જમ્મૂ કાશ્મીર, લદ્દાખ, હિમાચલપ્રદેશ, ઉત્તરપ્રદેશ, પૂર્વીય રાજસ્થાન, પંજાબ, હરિયાણા અને દિલ્હીના

કેટલાક ભાગોમાં હળવો વરસાદ વરસી શકે છે. જ્યારે મધ્યપ્રદેશ, કોંકણ, ગોવા અને ગુજરાતના કેટલાંક ભાગોમાં આગામી સાત દિવસમાં ભારે વરસાદ પડી શકે છે.

## MANSUKH MANDVIA

કેન્દ્રીય યુવા કાર્ય અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ અહાના જ્યોર્જ, અનન્યા ભાવસાર અને ગુંજન મંત્રીને ફીબા અંડર -18 બાસ્કેટબૉલ વિશ્વકપ-2024માં પસંદ થવા બદલ શુભેચ્છા પાઠવી છે. આ વિશ્વકપ 26 ઑગસ્ટથી હંગેરીમાં શરૂ થશે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં ડૉ.માંડવિયાએ સરકારની 'ખેલો ઇન્ડિયા' પહેલના વખાણ કરતા કહ્યું કે પ્રધાનમંત્રીના નેતૃત્વમાં આ પહેલ ઉભરતી પ્રતિભાઓની સફળતાને દર્શાવે છે.

## RONAK WRESTLING BRONZE

ભારતીય કુસ્તીબાજ રોનક દહિયાએ જોર્ડનમાં અંડર-17 વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશિપમાં પુરુષોની 110 કિલોગ્રામ ગ્રીકો-રોમન સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક જીત્યો હતો. દહિયાએ નિર્ણાયક મેચમાં તુર્કીના કુસ્તીબાજને 6-1થી હરાવ્યો હતો.

કુસ્તીબાજ સાઈનાથ પારધીએ પણ 51 કિલોગ્રામ વજન વર્ગમાં કાંસ્ય ચંદ્રક જીત્યો છે. આ સાથે ભારતે પુરુષોની ગ્રીકો-રોમન શ્રેણીમાં બે ચંદ્રકો જીત્યા છે.

## BANGLADESH-ECONOMY

બાંગ્લાદેશની વચગાળાની સરકારે જાહેર નાણાં, ફુગાવો અને ખાદ્ય વ્યવસ્થાપન સહિત છ મુખ્ય ક્ષેત્રોમાં અર્થતંત્રની સ્થિતિ પર શ્વેતપત્ર પ્રકાશિત કરવાનો નિર્ણય લીધો છે.

શ્વેતપત્ર તૈયાર કરનાર અર્થશાસ્ત્રીઓ અને પ્રતિષ્ઠિત નાગરિકોની સમિતિનું નેતૃત્વ જાણીતા અર્થશાસ્ત્રી દેવપ્રિયા ભટ્ટાચાર્ય કરશે. મુખ્ય સલાહકાર મોહમ્મદ

યુનિસના કાર્યાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે સમિતિ ચાર્જ સંભાળ્યાના 90 દિવસની અંદર શ્વેતપત્ર પ્રકાશિત કરશે.

# CHECK REPUBLIC

ચેક રિપબ્લિકના ઉત્તર પશ્ચિમ વિસ્તારમાં એક રાસાયણિક એકમમાં બૉમ્બ મળી આવતા 582 લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા.

ચેક રિપબ્લિકની રિસર્ચ અને પેટ્રો કેમિકલ કંપનીએ પોતાની વેબસાઇટ પર માહિતી આપતા જણાવ્યું છે કે લિત્વિનોવ નજીક ઓરલેન યુનિ પેટ્રોલ એકમના ગ્રામીણ વિસ્તારમાં ખોદકામ દરમિયાન બીજા વિશ્વ યુદ્ધ સમયનો એક સક્રીય બૉમ્બ મળી આવ્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે બસ્સો પચાસ કિલોનો આ બૉમ્બ 27 ઑગસ્ટ સુધી ત્યાં જ રાખવામાં આવશે.